# એક હું છું, એક તું છે, આજ ચલ, શરૂઆત કરીએ, જ્યાં અધૂરી રહી ગઈ'તી, એ કથાની વાત કરીએ!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

વડોદરા શહેર સાંસ્કૃતિક દૃષ્ટિએ જેટલું મહત્ત્વનું છે એટલું જ ગણેશોત્સવ માટે પ્રખ્યાત છે. અહીં મહારાષ્ટ્રિયન સંસ્કૃતિની અસર વધુ જોવા મળે છે એટલે ત્યાંના તહેવારો અહીં મોટા પ્રમાણમાં ઉજવાય છે. જો કે હવે તો ગુજરાતમાં દરેક મોટાં શહેરોમાં ઉજવાય છે પણ વડોદરાની રંગત જુદી જ છે.

અહીંની ગણપતિની મૂર્તિઓ પણ દરેક ચોકમાં અલગ અલગ સાઈઝની ને કલરની જોવા મળે. કોઈ ગણેશજી ત્રણ ફૂટના હોય તો કોઈ સાત ફૂટના. લોકો દરેક મૂર્તિને સન્માન આપે.

ગણપતિની મૂર્તિ બનાવનારા અનેક કારીગરો આ શહેરમાં વસતા હતા. સૂરસાગર તળાવની પૂર્વની એક ગલીમાં લગભગ ગણપતિની મૂર્તિ બનાવવાનો કાર્યક્રમ ચાલતો હોય કેમ કે મોટાભાગના કારીગરો અહીં જ રહેતા. નારાયણ બાપટ આવા જ એક કારીગર હતા. મૂળ તો એ મહારાષ્ટ્રના માલેગાંવના પણ એ બે વરસના હતા ત્યારે એમના પિતાજી કુટુંબસહ વડોદરા આવી ગયા.

એમણે આ જ ગલીમાં મકાન ભાડે રાખ્યું, મૂર્તિ બનાવવામાં એમની માસ્ટરી એટલે બે-ત્રણ વર્ષમાં તો એમણે સારા એવા પૈસા ભેગા કરી લીધા ને ભાડે રહેતા હતા એ મકાન પણ ખરીદી લીધું.

નારાયણ બાપટ મોટા થયા, પરણ્યા ત્યારે એમના પિતાજીની પાનખર ચાલતી હતી! એમણે નારાયણને પરણાવ્યો ને એનાં 10-12 વરસ પછી નારાયણ બાપટના પિતા ને પછી માતા અવસાન પામ્યાં.

એ વખતે નારાયણ બાપટને એક દીકરી- સુલભા બાપટ. દેખાવડી, ગોરી અને નવું નવું શીખવાની ધગશવાળી. હજી એ હતી તો 12 વરસની પણ નારાયણદાદાને કામકાજમાં મદદ કરવાનો એનો ઉત્સાહ ગજબ હતો.

"જો બેટી," નારાયણે એક દિવસ કહ્યું, "આપણે માટીની મૂર્તિઓ જ બનાવીએ છીએ. બીજા કાચી વેચે છે, આપણે એને પકાવીને મજબૂત બનાવીને વેચીએ છીએ એટલે આ મૂર્તિ બનાવવાની કળા શીખવી અઘરી છે પણ તારો શોખ જોઈને મને લાગે છે કે તું મને મૂર્તિને કલર કરવામાં મદદ કરી શકીશ."

"થેન્ક યુ દાદા," સુલભા દાદાને ગળે ટીંગાઈને બોલી, "મને મૂર્તિ બનાવવાનો તો બહુ શોખ છે. હું બારમા પછી એમ. એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ જોઈન કરવાની છું. પછી જોજો દાદા, હું પણ તમારી સાથે જ મૂર્તિઓ બનાવીશ ગણેશાદાદાની. ત્યાં સુધી હું કલરમાં માસ્ટરી મેળવી લઈશ.''

એ પછી તો સૂરસાગરના કાંઠેથી સમય પસાર થતો રહ્યો. દરેક ગણેશમહોત્સવમાં નારાયણ બાપટની મૂર્તિઓના વખાણ તો થતા જ પણ હવે એના રંગોના પણ એટલા જ વખાણ થતા ને પછી તો એક ઓનલાઈન કંપનીએ પણ એમનો સંપર્ક કરીને ઓર્ડરો આપવાના શરૂ કર્યા. આવક ધોધમાર ચાલુ થઈ ગઈ. સુલભાની ચિત્રકલા એવી સરસ હતી કે ગણપતિની મૂર્તિ સામે જોતા જ લોકોને લાગતું કે, હમણાં ગણપતિજી આપણી સાથે વાતો કરશે!

મૂર્તિઓ વેચાતી ગઈ અને સુલભા યુવાન થતી ગઈ. હવે એણે એમ.એસ.યુનિ.ની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસમાં શિલ્પકલામાં જ એડમિશન લીધું.

એ જ સમયે, કોલેજના પહેલા જ દિવસે સુલભાની મુલાકાત થઈ અજય સાથે. "તમે ફાઈન આર્ટસમાં છો મિસ....?" અજયે પૂછ્યું."હા," સુલભા બોલી, "અને તમે?"

"હું પણ એમાં જ શિલ્પકલામાં જોડાયો છું, મારું નામ અજય. હું સંખેડાથી અપ-ડાઉન કરવાનો છું. મારું ઘર ત્યાં છે." "મારું નામ સુલભા," સુલભા બોલી, "અમે સૂરસાગર પાસેની ગલીમાં રહીએ છીએ. મારા દાદાજી ગણેશજીની મૂર્તિઓ બનાવે છે. ખૂબ નામ કમાયા છે."

"નારાયણ બાપટ તો નહીં?" અજયે પૂછ્યું.

"યસ," સુલભા હસી, "તમારા સુધી પણ નામ પહોંચી ગયું!"

એ દિવસે તો ખાસ વાતો થઈ નહીં પણ પછી બન્ને અવાર-નવાર મળતાં. હોટેલમાં સાથે ચ્હા-નાસ્તા માટે પણ જતાં.

બન્નેનો અભ્યાસ પણ સરસ ચાલતો. આવતા મહિને એક્ઝિબિશન હતું એની તૈયારીઓ શરૂ થઈ ગઈ. દરેકે પોતપોતાની શ્રેષ્ઠ કલાકૃતિ એમાં રજૂ કરવાની હતી. શહેરના ગણમાન્ય લોકો એ પ્રદર્શન જોવા આવવાના હતા.


સુલભાએ ઘેર જઈને ગણપતિની બે ફૂટની મૂર્તિ બનાવવાની શરૂઆત કરી દીધી. અજયે સંખેડામાં લાકડામાંથી શંકર ભગવાનની મૂર્તિ બનાવવાની શરૂઆત કરી દીધી.

લગભગ પચીસ દિવસ પછી બન્ને મળ્યાં.

"સુલભા," અજયે પૂછ્યું, "તારી મૂર્તિ બની ગઈ?"

"એકદમ સરસ બની ગઈ," સુલભા બોલી, "બસ, કલરનું થોડું ટચીંગ બાકી છે, એ પણ કાલે પતી જશે. તું કાલે સાંજના મારે ત્યાં આવ ને મૂર્તિ જો. કંઈ ખૂટતું લાગે તો કહેજે."

"ચોક્કસ," અજયે કહ્યું ને બન્ને છૂટાં પડ્યાં.



બીજા દિવસે અજય સુલભાની સાથે જ એના ઘેર ગયો. નારાયણરાવ એ વખતે ગણેશજીની મૂર્તિ જ બનાવતા હતા.

અજય ખુરશી પર બેઠો. ચા-નાસ્તાનું પત્યા પછી એક મૂર્તિ પરથી સુલભાએ કપડું હટાવ્યું ને અજય આશ્ચર્ય પામ્યો. એ ખુરશી પરથી ઊભો થઈ ગયો! "આહા....ગજબનાક મૂર્તિ !!" અજય બોલ્યો, "મેં આજ સુધી આટલી સરસ મૂર્તિ જોઈ નથી. ગજબની કલાકારી અને એ પણ આટલી નાની સાઈઝમાં!"

અજયે હાથ લંબાવીને સુલભાનો હાથ પકડીને એને અભિનંદન આપ્યા. નારાયણદાદા હાજર ન હોત તો તો એ સુલભાને ભેટી જ પડેત! "થેન્ક યુ અજય," સુલભા બોલી, "હવે મને સંતોષ થયો. કાલે પ્રદર્શનમાં આ મુકાશે પણ હા, તારી મૂર્તિ ક્યાં?"

**તમારી મૂર્તિઓ ત્યાં ઘણાં ભારતીયો છે એટલે ખૂબ વેચાશે પણ આપણું કામ પત્યા પછી ને આપણું કામ જોઈને જ લોકો તમને અહીં આવવા નહીં દે. હું તમારા પી.આર. માટે પણ ત્યાં કામ કરાવી આપીશ.**

"તારી મૂર્તિ જોવા હું તારા ઘેર આવ્યો ને?" અજય હસ્યો, "તો મારી મૂર્તિ જોવા ચાલ મારા ઘેર."

"એ બધું પછી," સુલભા બોલી, "હું રસોઈ બનાવી લઉં, પછી આપણે જમીને નીકળીએ."

રસોઈ બનાવતા બનાવતા સુલભાએ નારાયણદાદાની અનુમતિ પણ મેળવી લીધી સંખેડા જવા માટે.

જમીને સાંજના ચારેક વાગ્યે બન્ને સંખેડા જવા નીકળ્યાં. સંજયની જ બાઈક હતી એટલે પહોંચવામાં વાર ન લાગી.

ઘેર જઈને અજયે એક મૂર્તિ પરથી કપડું હટાવ્યું ને સુલભા તાજ્જુબ થઈ ગઈ. શંકર ભગવાનની અદભુત મૂર્તિ બનાવી હતી અજયે. જો કે એની ઝીણી નજરે કલરકામમાં એકાદ બે ફેરફાર નોંધી લીધા. "અભિનંદન અજય," સુલભા એની સાથે હાથ મેળવવા ગઈ પણ અજય એને ભેટી જ પડ્યો.

"અરે...અરે.." સુલભા હસી, "બહુ ઉતાવળો, હું તો હજી એમ કહેવા જતી હતી કે, આમાં ચહેરા પર કલરના શેડમાં થોડા ફેરફાર કરીએ તો દીપી ઊઠશે."

અજયે એને જાતજાતના કલરના ડબ્બા ને પીંછીઓ ને કપડાં આપ્યાં.

"લે," અજય બોલ્યો, "તારી કારીગરી હવે શરૂ કરી દે, પછી આપણે જમી લઈએ. મમ્મીએ રસોઈ બનાવી નાખી છે." સુલભાએ કલર લઈને લગભગ એક કલાક સુધી મથામણ કરી ને એનું પરિણામ એ આવ્યું કે આ વખતે અજય માત્ર એને ભેટી જ ન પડ્યો પણ સાથે સાથે એને ચુંબન પણ કરી લીધું!

"તારો આભાર સુલભા," અજય બોલ્યો, "તેં શંકરદાદાને જીવંત બનાવી દીધા! મારાથી આ શક્ય ન બન્યું હોત! હવે કાલે પ્રદર્શનમાં મૂકી શકાશે."

જમીને અજય સુલભાને એના ઘેર મૂકી આવ્યો.

બીજા દિવસે પ્રદર્શન શરૂ થયું. શહેરની મોટી મોટી હસ્તીઓ પ્રદર્શન જોવા આવી. બધાંને પ્રદર્શન ખૂબ ગમ્યું. ખાસ તો સુલભાની ગણેશજીની મૂર્તિ અને અજયની શંકર ભગવાનની મૂર્તિ. એ બન્ને મૂર્તિઓએ લોકોનાં દિલ હરી લીધાં! પ્રદર્શન પૂરું થવાને અડધા કલાકની વાર હતી એ જ સમયે એક મસમોટી ગાડીમાં બે માણસો આવ્યા. એમાંના એક હતા શહેરના સૌથી ધનવાન પ્રતિષ્ઠિત કંપનીના માલિક જનક દયાળ. લોકો એમને જેડી શેઠ તરીકે જ ઓળખતા. બીજો એમનો સેક્રેટરી હતો. કોલેજ સત્તાવાળાઓ પણ એમને આવેલા જોઈને આશ્ચર્ય પામ્યા.

એ બન્નેએ પ્રદર્શન જોવાનું શરૂ કર્યું. દરેક મૂર્તિ જેડી શેઠ ઝીણી નજરે જોતા હતા. ધીમે ધીમે એ સુલભાની ગણેશજીની મૂર્તિ પાસે આવ્યા. એ ત્યાં જ થંભી ગયા! બાજુમાં જ અજયની શંકર ભગવાનની મૂર્તિ હતી. એ બન્ને મૂર્તિઓ જોઈને ક્યાંય સુધી એ કશું બોલ્યા જ નહીં, માત્ર મૂર્તિઓ જોયે રાખી. "સેક્રેટરી," એમણે કહ્યું, "જરા પૂછી જુઓને કે આ મૂર્તિઓ બનાવી એ કલાકારો અહીં હાજર છે? હોય તો આપણે મળીએ."

સેક્રેટરીએ તપાસ કરી. અજય અને સુલભા તો શેઠની પાછળ જ ઊભાં હતાં! "જી સર," સુલભાએ એમની નજીક જઈને કહ્યું, "આ ગણેશજીની મૂર્તિ મેં બનાવી છે અને આ શંકર ભગવાનની મૂર્તિ આ અજયે બનાવી છે." "વેરી વેરી નાઈસ," જેડી બોલ્યા, "તમને વાંધો ન હોય તો સાંજના આપણે મારે ઘેર મળીએ? મારે થોડું કામ છે. આપણે સાથે જમીશું." "શ્યોર સર," સુલભા બોલી, " તમારું સરનામું......" "એની જરૂર નથી," જેડી બોલ્યા, "તમારું સરનામું મારા સેક્રેટરીને આપો, એ તમને ત્યાંથી લઈ જશે ને મૂકી જશે." આટલું કહીને એમણે વિદાય લીધી. સેક્રેટરીએ સુલભા પાસેથી સરનામું લીધું ને એ પણ ઉપડ્યો.

"હવે?" પ્રદર્શન પૂરું થયા પછી બન્ને મૂર્તિઓ લઈને બન્ને બહાર આવ્યાં ને રિક્ષામાં મૂર્તિઓ મૂકતાં સુલભા બોલી, "તું પણ બાઈક લઈને ચાલ મારા ઘેર. સાંજ તો હમણાં પડશે ને જેડીનો સેક્રેટરી પણ આપણને લેવા આવી જશે.''

લગભગ વીસેક મિનિટમાં બન્ને ઘેર પહોંચી ગયાં. મૂર્તિઓ ગોઠવી દીધી ને સુલભાએ નારાયણદાદાને બધી વાત કરી. એ પણ ખુશ થઈ ગયા.

થોડી વારમાં તો સેક્રેટરીની ગાડીનું હોર્ન વાગ્યું. બન્ને નારાયણદાદાની રજા લઈને ગાડીમાં ગોઠવાઈ ગયાં.

જેડી શેઠનો બંગલો જોઈને સુલભા તો આશ્ચર્ય પામી ગઈ, એટલો ભવ્ય એ બંગલો હતો.

"આપણે પહેલાં થોડી વાતો કરી લઈએ," જેડી બોલ્યા, "પછી આપણે જમીશું. બરાબર છે ને?''

"તમે કહો એમ શેઠ." અજય બોલ્યો.

"પહેલી વાત એ કે," જેડી બોલ્યા, "તમારી બન્નેની મૂર્તિ મને ગમી છે ને મારા આ બંગલામાં મંદિર બન્યું છે પણ મૂર્તિ નથી એટલે હું ખરીદી લેવા માગું છું. બોલો, કેટલા પૈસા આપું?"

"અમે કદી મૂર્તિ વેચી નથી એટલે ખબર નથી શેઠ," અજય બોલ્યો, "તમે જે આપો એ અમે પ્રેમથી લઈ લઈશું." જેડીએ ઈશારો કર્યો એટલે સેક્રેટરીએ આવીને બન્નેના હાથમાં એક એક કવર પકડાવી દીધું.

"મેં એક એક લાખ રૂપિયા મૂર્તિના ગણીને કવરમાં મૂક્યા છે," જેડી બોલ્યા, "તમને ઓછા લાગે તો વિનાસંકોચે કહો." "અરે શેઠ," સુલભા બોલી, "અમે તો એક લાખ રૂપિયા એક સાથે જોયા પણ નથી એટલે ઓછાવધારેનો સવાલ જ નથી. અમારા માટે બહુ જ વધારે છે, ઓછા નથી."

"ઓ.કે" જેડી બોલ્યા, "હવે બીજી વાત. મારો બીજો બંગલો ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં છે. મારો મોટો દીકરો ત્યાં મારી કંપનીની બ્રાન્ચ સંભાળે છે. એનો પણ મોટો બંગલો છે ને હું ઈચ્છું છું કે તમે બન્ને ત્યાં જાવ, એકાદ વરસ રહો અને મારા એ બંગલાના મંદિરમાં ને બગીચામાં, ટૂંકમાં જ્યાં મારો છોકરો કહે ત્યાં મૂકવા મૂર્તિઓ બનાવી આપો. તમને દર મહિને હું બે બે લાખ રૂપિયા પગાર આપીશ અને રહેવા-જમવાનું તો મારા બંગલામાં જ રહેશે. તમે બન્નેએ લગ્ન કરેલા છે?""ના સર," અજયે સુલભા સામે જોઈને કહ્યું, ''પણ જલ્દી કરી લઈશું." "ઓલ રાઈટ," જેડી બોલ્યા, "તો પછી આ મહિનામાં તમે બન્ને પરણી જાવ, ત્યાં સુધીમાં હું તમારા વિઝા ને પાસપોર્ટનું કામ પતાવી દઈશ. તમે કાલે જ કોર્ટ મેરેજ કરી લો, તો વિઝા અને પાસપોર્ટમાં એ વધારે મદદરૂપ થશે." સુલભા અને અજય તો જાણે સપનામાં આ બધું સાંભળતાં હોય એવું લાગ્યું. "તમારા એક વરસના વિઝા તો મારી કંપનીના કાર્યકર તરીકે થઈ જશે પણ એ પછી પણ તમારે ઓસ્ટ્રેલિયા જ રહેવું હોય તો તમે રહી શકો છો. તમારી મૂર્તિઓ ત્યાં ઘણાં ભારતીયો છે એટલે ખૂબ વેચાશે પણ આપણું કામ પત્યા પછી ને આપણું કામ જોઈને જ લોકો તમને અહીં આવવા નહીં દે. હું તમારા પી.આર. માટે પણ ત્યાં કામ કરાવી આપીશ. બોલો, મંજૂર છે? તો દોઢેક મહિના પછી ઊપડી જાવ." "સાહેબ" અજય બોલ્યો, "તમારો અહેસાન ભૂલાય એમ નથી, અમે તૈયાર છીએ. લગ્નની વાત ઘેર આજે જ કરી અને કાલે રજીસ્ટર્ડ કરાવી નાખીશું, પછી તમે કહો ત્યારે નીકળી જઈશું." "શુભસ્ય શીઘ્રમ," જેડી બોલ્યા, "ચાલો હવે જમવા, પછી મારો સેક્રટરી તમને ઘેર મૂકી જશે ને મૂર્તિઓ લઈ જશે. કાલે સવારે દસ વાગ્યે તમને કોર્ટમાં લઈ જશે ને મેરેજ સર્ટિફિકેટ પણ મળી જશે જે મારો સેક્રેટરી મને આપશે ને તમારું કામ શરૂ થઈ જશે."જેડીના ઘેર જમીને ડ્રાઈવર ને સેક્રેટરી એમને મૂકવા આવ્યા, ત્યારે અજય અને સુલભાને સમજાયું નહીં કે, બન્ને સ્વર્ગમાં પાછા આવતાં હતાં કે જેડીના ઘેરથી! ઘરમાં પ્રવેશીને એણે અજયને ચુંબન કરી લીધું.

''કેમ એકાએક આમ?'' અજય બોલ્યો.

"આપણે તારા ઘેર જે અધૂરી કથા ચુંબનની કરેલી," સુલભા હસી, "એની આ વાત કરી!"

(શીર્ષકપંક્તિઃ યોગેશ પંડ્યા)